# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪ તા.૧૧-૦૪-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : UDISE+ અંતર્ગત Student wise Data Child Tracking System (CTS)આધાર ડાયસમાં ઓન લાઈન અપડેશનની કામગીરી પૂર્ણ કરવા બાબત.
સદર્ભ : સમગ્ર શિક્ષા સ્ટેટ પ્રોજેક્ટ કચેરીના પત્ર ક્રમાંક :SS/MIS/2023/18384-454તા.૧૦/૦૪/૨૦૨૩.

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે ૩૦મી સેપ્ટેમ્બરની સ્થિતિએ રાજ્યની તમામ ધોરણ ૧ થી ૮ ધરાવતી તમામ શાળાઓની માહિતી UDISE+ ફોર્મમાં માહિતી શાળાઓના લોગીનથી એન્ટ્રી દ્વારા કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

National Education Policy 2020 અંતર્ગત 2030 સુધીમાં પ્રિ-શાળા (પૂર્વ પ્રાથમિક)થી માધ્યમિકનો 100% Gross Enrollment Ratio કરવા સુધીનો ધ્યેય સિધ્ધ કરવા તેમજ શાળા છોડી ગયેલા ડ્રોપઆઉટ બાળકોને ઓળખીને તેઓને શિક્ષણ પ્રણાલીમાં પરત લાવવાનું છે.ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા શૈક્ષણિક વર્ષ 2022-23થી UDISE+ અંતર્ગત હાલના Data Capture Format(DSF)ને Profile & Facility, Teacherઅને Student એમ ત્રણ વિભાગમાં વહચેલ છે.જેમાં ચાલુ વર્ષ સ્ટુડન્ટ વાઇસ ડેટા નો નવો વિભાગ ઉમેરેલ છે જેમાં ચાલુ વર્ષ 2022-23માં આપની શાળાના પૂર્વ પ્રાથમિક થી ધોરણ-૮ સુધીના ધોરણ ધરાવતી તમામ વિધાર્થીના નામ સહિતની વિગતો મેળવવાની રહેશે.

ઉપરોક્ત ત્રણ વિભાગો પૈકી હાલમાં (1) Profile &Facilityઅને (2) Teacher વિભાગની કામગીરી શાળાઓ કક્ષાએથી પૂર્ણ કરેલ છે.જ્યારે Student વિભાગની કામગીરી માટે Child Tracking System (CTS)આધાર ડાયસ માથી પૂર્વ પ્રાથમિક (નર્સેરી /જુનિયર કે.જી /સિનિયર કે.જી)થી ધોરણ ૮ સુધીના અભ્યાસ કરતાં તમામ વિધાર્થીઓની માહિતી મેળવવાની થાય છે.જેથી UDISE+Student DCF મુજબના ફીલ્ડ Child Tracking System (CTS)આધાર ડાયસમાં નવા ઉમેરેલ છે.તમામ ફીલ્ડની વિગતોમાં ફરજીયાત શાળાઓ કક્ષાએથી વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિધાર્થીઓની માહિતી સાચી ,સચોટ ભૂલરહિત અને અધતન માહિતી મળી રહે તે હેતુથી શાળા કક્ષાએથી Child Tracking System (CTS)આધાર ડાયસમાં ઓન લાઈન અપડેશનની કામગીરી શાળાઓના લોગીનથી કરવાની થાય છે.Child Tracking System (CTS)આધાર ડાયસના વિધાર્થીઓ નું શાળાઓ લેવલથી કરેલ અપડેશન એન્ટ્રીને આધારે UDISE+ એપ્લિકેશનમાં Integration કરવામાં આવશે.

વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩માં પૂર્વ પ્રાથમિક (આંગળવાડી સિવાય)વિભાગના નર્સેરી /જુનિયર કે.જી /સિનિયર કે.જીમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓના નામ સહિત વિગતોની એન્ટ્રી Child Tracking System (CTS)આધાર ડાયસમાં કરવાની થાય છે.જેથી વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓની Child Tracking System (CTS) એપ્લિકેશનને જન્મ નોધાણી એપ્લિકેશન (Civil Registration System) સાથે લીંક કરવામાં આવેલ છે. જેથી Child Tracking System (CTS)આધાર ડાયસમાં નવા પ્રવેશ મેળવેલ વિધાર્થીઓની ઓન લાઇન એન્ટ્રી શાળાઓ કક્ષાએથી કરવા માટે જન્મનું પ્રમાણપત્ર સાથે રાખી કરવાની રહેશે.

Child Tracking System (CTS)આધાર ડાયસના વિધાર્થીઓ નું શાળાઓ લેવલથી અપડેશનની કામગીરી તથા નવી એન્ટ્રીની કામગીરી શાળાના મુખ્ય શિક્ષકએ શાળાના લોગીનથી તા.૨૦/૦૪/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

તા.૧૧-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી